Letter No: TDD/0125/05/2024 Dt: 25-05-2024

રાજ્યના આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જનજાતિના ખેડૂત લાભાર્થીઓને કૃષિ યાંત્રિકીકરણ માટે સાધન સહાય (રોટાવેટર/થ્રેશર મશીન) યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: TDD/VKY/e-file/25/2023/0225/P

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૦૫/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ.

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા.૦૬/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક:D-SAG/0093/03/2024.

**પ્રસ્તાવના:-**

રાજ્યના આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને કૃષિ યાંત્રિકીકરણ માટે થ્રેશર અને રોટાવેટર( ૬ ફીટ)ની ખરીદી માટે સહાય યોજનાના અમલીકરણ માટેની નવી બાબતને આ વિભાગના તા.૧૮/૦૫/૨૦૨૩ના વંચાણે લીધા ક્રમાંક(૧)ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત ઠરાવથી રોટાવેટર ( ૬ ફીટ ) મશીન માટે રૂપિયા ૧.૨૦ લાખ સુધીના એકમ પર કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૬૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે સહાય DBT દ્વારા લાભાર્થીના બેંક ખાતામાં મળવાપાત્ર રહેશે તેવી જોગવાઇ થયેલ છે. જેમાં વિકલ્પો ઉપલબ્ધ ન હોઈ, આદિજાતિના ખેડૂતો પોતાની આવશ્યકતા મુજબના રોટાવેટર ખરીદી શકતા ન હોઈ, યોજનાના લાભથી વંચિત રહે છે. આથી ૫ ફીટ સુધીના રોટાવેટર માટે કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૪૦,૦૦૦/-બે માંથી જે ઓછું હોય તે, ૫ ફીટના રોટાવેટર માટે કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૫૦,૦૦૦/-બે માંથી જે ઓછું હોય તે તથા ૬ ફીટ કે તેથી વધુ ફીટના રોટાવેટર માટે કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૬૦,૦૦૦/-બે માંથી જે ઓછું હોય તે મુજબનો સુધારો કરવા માટે વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ), ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## સુધારા ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યના આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જનજાતિના ખેડૂત લાભાર્થીઓને કૃષિ યાંત્રિકીકરણ માટે સાધન સહાય (રોટવેટર/થ્રેશર મશીન) આપવા અંગેના આ વિભાગના તા.૧૮/૦૫/૨૦૨૩ના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની શરત નં. (૨) યોજના અંતર્ગત મળવાપાત્ર લાભ ની પેટા શરત - ૨ રદા કરી તેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

| ઘટકનું નામ | સહાયના ધોરણ |
|---|---|
| રોટાવેટર ૫ ફીટ સુધીના | કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૪૦,૦૦૦/-બે માંથી જે ઓછું હોય તે |
| રોટાવેટર ૫ ફીટ | કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૫૦,૦૦૦/-બે માંથી જે ઓછું હોય તે |
| રોટાવેટર ૬ ફીટ કે તેથી વધુ ફીટ માટે | કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૬૦,૦૦૦/-બે માંથી જે ઓછું હોય તે |

ઉક્ત સહાય DBT દ્વારા લાભાર્થીના બેંક ખાતામાં મળવાપાત્ર રહેશે.

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે તથા તે મુજબ યોજનાની અમલવારી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: DISHABEN RAJESHBHAI PATEL
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 30-May-2024 (04:12 PM)

દિશા પટેલ

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આ.વિ.), કમિશ્નરશ્રી આ.વિ.ની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- પ્રાયોજના વહીવટદારશ્રી તમામ (કમિશ્નરશ્રી આ.વિ.ની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સીલેક્ટ ફાઇલ.


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*